# જાહેરનામું

પોલીસ કમિશનર,અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક : ગ/ઉપક/ટ્રાફિક/૮/૨૦૨૨,
તા. ૩ /૩/૨૦૨૨

હું, સંજય શ્રીવાસ્તવ, IPS, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, મને મળેલ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની પેટા કલમ ૩૩ (૧) (બી) (સી) અને ગુજરાત મોટર વાહન નિયમો ૧૯૮૯ ના નિયમ-૨૦૭ અંતર્ગત મળેલી સત્તા અન્વયે આગામી તા:૧૧,૧૨,૧૩,૧૪/૩/૨૦૨૨ ના રોજ ગાંધીનગર તેમજ અમદાવાદ શહેર સાબરમતી રીવરફ્રન્ટ ઈવેન્ટ સેન્ટર ખાતે ડિફેન્સ એક્સ્પો-૨૦૨૨ નો કાર્યક્રમ યોજાનાર છે. જે કાર્યક્રમ દરમિયાન જુદા જુદા દેશોના VIP/VVIP મહાનુભાવશ્રીનાઓ પધારનાર હોય જેથી વાહનોની અવર-જવર, ટ્રાફીક પ્રવાહ સરળતાથી પસાર થાય,કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે તેમજ વાહન પાર્કિંગ કરવાની પ્રવૃત્તિઓ પર પ્રતિબંધ ફરમાવવા માટે નીચે મુજબનો હુકમ કરૂ છું.

**હુકમ :-**

અમદાવાદ શહેરમાં આગામી તા:૧૧,૧૨,૧૩,૧૪/૩/૨૦૨૨ ના રોજ સાબરમતી રીવરફ્રન્ટ ઈવેન્ટ સેન્ટર ખાતે ડિફેન્સ એક્સ્પો-૨૦૨૨ નો કાર્યક્રમ યોજાનાર છે. આ કાર્યક્રમ અગાઉના દિવસોએ 'એર શૉ' કાર્યક્રમનું રિહર્સલ તા.૪,૫,૭,૯/૩/૨૦૨૨ ના રોજ સાબરમતી રીવરફ્રન્ટ ખાતે કરવામાં આવનાર છે. ત્યારબાદ મુખ્ય 'એર શૉ' નો કાર્યક્રમ તા.૧૦,૧૧,૧૨,૧૩,૧૪/૩/૨૦૨૨ ના રોજ કરવામાં આવનાર છે. જેથી આ તારીખો દરમિયાન નીચે જણાવેલ માર્ગ પરથી પસાર થતો ટ્રાફિક તમામ પ્રકારના વાહનોની અવર-જવર માટે પ્રતિબંધિત/ડાયવર્ઝન કરવામાં આવે છે.

| અનં. | વાહનોની અવર-જવર માટે પ્રતિબંધિત માર્ગ/બ્રીજની વિગત | વૈકલ્પિક માર્ગની વિગત |
|---|---|---|
| ૧. | **રિવરફ્રન્ટનો પશ્ચિમ માર્ગ :** વાડજ સ્મશાન ગૃહ કટથી શરુ થતો પશ્ચિમનો આંબેડકર બ્રિજ નીચે સુધીનો રીવરફ્રન્ટ રોડ વાહનોની અવર જવર માટે પ્રતિબંધીત રહેશે. | **વૈકલ્પિક માર્ગ :** વાડજ સ્મશાન ગૃહ કટથી વાડજ સર્કલ થઇ આશ્રમ રોડ થઇ પાલડી ચાર રસ્તા થઇ અંજલી ચાર રસ્તા થઇ અવર જવર કરી શકાશે તથા ૧૩૨ ફુટ રીંગ રોડનો ઉપયોગ કરી શકાશે. |
| ૨. | **રિવરફ્રન્ટનો પુર્વ માર્ગ :** પુર્વમાં હોટલ લેમન ટ્રી કટથી રીવરફ્રન્ટ રોડથી પુર્વ નો આંબેડકર બ્રિજ નીચે સુધીનો રીવરફ્રન્ટ રોડ વાહનોની અવર જવર માટે પ્રતિબંધીત રહેશે. | **વૈકલ્પિક માર્ગ :** રીવરફ્રન્ટ પુર્વ પોલીસ સ્ટેશનથી ડાબી બાજુના રોડ થઇ દધીચીબ્રિજ સર્કલ થઇ દિલ્હી દરવાજા થઇ કારંજ તથા કાલુપુર સર્કલ તરફના રોડનો અવર જવર માટે ઉપયોગ કરી શકાશે. |
| ૩. | **એલીસબ્રિજ તથા ઉમાશંકર જોષી બ્રિજ:** અમદાવાદ શહેરને પશ્ચિમ તેમજ પુર્વ વિસ્તારને જોડતા એલીસબ્રિજ તથા એલીસબ્રિજને જોડતો ઉમાશંકર જોષી બ્રિજ ડિફેન્સ એક્સ્પો દરમિયાન બંધ રહેશે. | **વૈકલ્પિક માર્ગ :** એલિસબ્રિજ થી વિક્ટોરીયા ગાર્ડન ખમાસા તરફ જતા વાહનો એલીસબ્રિજ નો ઉપયોગ ન કરતા નહેરૂબ્રિજ ચાર રસ્તા થઇ નેહરૂબ્રિજ મધ્યભાગ થઇ વિજળીઘર ચાર રસ્તા થઇ જીલ્લા પંચાયત થઇ વિક્ટોરીયા ગાર્ડન થઇ ખમાસા તરફના રોડ નો અવર જવર માટે ઉપયોગ કરી શકાશે તથા ખમાસા વિક્ટોરીયા ગાર્ડન તરફથી એલીસબ્રિજ તરફ જતા |

| | | |
|---|---|---|
| | | વાહનો એલીસબ્રિજનો ઉપયોગ ન કરતા વિકટોરીયા ગાર્ડન થી જમણી બાજુ વળી લાલ દરવાજા થઇ વિજળીઘર ચાર રસ્તા થઇ નહેરૂબ્રિજ મધ્યભાગ થઇ આશ્રમ રોડ નો અવર જવર માટે ઉપયોગ કરી શકાશે. શહીદ કિનારી વાળા સર્કલ થી ઉમાશંકર જોષી બ્રિજ થઇ એલીસબ્રિજ થઇ વિકટોરીયા ગાર્ડન ખમાસા તરફ જતા વાહનો ઉમાશંકર જોષી બ્રિજનો ઉપયોગ ન કરતા બ્રિજ નીચે ચાર રસ્તા થી જમણી બાજુ વળી ઈન્દર રેસીડેન્સી ટી થી ડાબી બાજુ વળી ટાઉન હોલ ચાર રસ્તા થી ડાબી બાજુ વળી નહેરૂબ્રિજ ચાર રસ્તા થઇ નેહરૂબ્રિજ મધ્યભાગ થઇ વિજળીઘર ચાર રસ્તા થઇ જીલ્લા પંચાયત થઇ વિકટોરીયા ગાર્ડન થઇ ખમાસા તરફના રોડ નો અવર જવર માટે ઉપયોગ કરી શકાશે. |
| ૪. | **સરદારબ્રિજ (જમાલપુર) :**<br>અમદાવાદ શહેરને પશ્ચિમ તેમજ પુર્વ વિસ્તારને જોડતા સરદાર બ્રિજ ડિફેન્સ એક્સ્પો દરમિયાન બંધ રહેશે. | **વૈકલ્પિક માર્ગ :**<br>પાલડી ચાર રસ્તા થી જમાલપુર તરફ જતા વાહનો સરદારબ્રિજનો ઉપયોગ ન કરતા પાલડી ચાર રસ્તા થી મહાલક્ષ્મી પાંચ રસ્તા થઇ અંજલી ઓવરબ્રિજ નીચે ચાર રસ્તા થી ડાબી બાજુ વળી આંબેડકર ઓવરબ્રિજ મધ્યભાગ થઇ ખોડીયાર નગર ચાર રસ્તા થઇ દાણીલિમડા ચાર રસ્તા થી ડાબી બાજુવળી જમાલપુર તરફના રોડ નો અવર જવર માટે ઉપયોગ કરી શકાશે તથા જમાલપુર તરફથી પાલડી ચાર રસ્તા આશ્રમ રોડ તરફ આવતો ટ્રાફિક જમાલપુર ચાર રસ્તા થી દાણીલિમડા ચાર રસ્તા જમણી બાજુ વળી ખોડીયાર નગર ચાર રસ્તા થઇ આંબેડકર ઓવરબ્રિજ થઇ અંજલી ચાર રસ્તા થી જમણી બાજુ વળી પાલડી ચાર રસ્તા આશ્રમ રોડનો અવર જવર માટે ઉપયોગ કરી શકાશે. |

**અપવાદ :** સદર કાર્યક્રમ સાથે સંકળાયેલ વાહનો, ફરજમાં રોકાયેલા સરકારી વાહનો, ફાયર બ્રિગેડ, એમ્બ્યુલન્સના વાહનો તેમજ આકસ્મિક સંજોગોમાં વાહન સાથે અવર-જવર કરનારને આ જાહેરનામું લાગું પડશે નહી.

**-: જાહેરનામાની અમલવારીની તારીખ અને સમય :-**

આ જાહેરનામાનો અમલ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૩૩ ની જોગવાઇ હેઠળ મહત્તમ સમયમર્યાદાને આધિન રહીને નીચે જણાવેલ અ.નં. (૧) તથા (૨) માં નિર્દીષ્ટ કરેલ તારીખની સાથે જણાવેલ સમય મુજબ કરવાનો રહેશે.

**૧. તા.૪,૫,૭,૯/૩/૨૦૨૨ ના રોજ સાંજ કલાક ૧૬.૦૦ થી ૧૯.૦૦ સુધી.**

**૨. તા.૧૦,૧૧,૧૨,૧૩,૧૪/૩/૨૦૨૨ ના રોજ સાંજ કલાક ૧૬.૦૦ થી ૨૦.૦૦ સુધી.**

આ જાહેરનામાના આદેશોનું ઉલ્લઘંન કરનાર ઈસમ ભારતીય ફોજદારી ધારા કલમ ૧૮૮ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતાં સંયુક્ત/અધિક પોલીસ કમિશનરશ્રીના દરજ્જાથી પોલીસ કોન્સ્ટેબલ સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રી/કર્મચારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ઇ.પી.કો. કલમ-૧૮૮ તથા ગુજરાત પોલીસ અધિનિયમ કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા. ૩/૩/૨૦૨૨ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

City Commissioner of Police * Ahmedabad *

તા. ૩/૩/૨૦૨૨
અમદાવાદ શહેર

(સંજય શ્રીવાસ્તવ)
પોલીસ કમિશનર
અમદાવાદ શહેર

**નકલ સવિનય રવાના :**

(૧) મેનેજરશ્રી ગવર્નમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા
૨/- ગુજરાત ગર્વમેન્ટ ગેજેટ પ્રસિધ્ધ કરવા સારૂ.
(૨) અગ્ર સચિવશ્રી, ગૃહ વિભાગ, ગુજરાત સરકાર, સચિવાલય, ગાંધીનગર.
(૩) પોલીસ મહનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા. પોલીસ ભવન, ગાંધીનગર.
(૪) કલેકટરશ્રી, જીલ્લા કલેકટરની કચેરી, સુભાષબ્રીજ, અમદાવાદ શહેર.
(૫) અમદાવાદ રજીસ્ટ્રારશ્રી હાઇકોર્ટ,
રજીસ્ટ્રારશ્રી સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર.
રજીસ્ટ્રારશ્રી સેશન્સ કોર્ટ , અમદાવાદ શહેર
ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી અમદાવાદ શહેર.
(૬) મ્યુનિસિપલ કમિશનરશ્રી, અમદાવાદ શહેર.
(૭) પબ્લીક પ્રોસીક્યુટરશ્રી, અમદાવાદ શહેર
(૮) સીનીયર પોલીસ પ્રોસીક્યુટરશ્રી, અમદાવાદ શહેર
(૯) માહિતી નિયામકશ્રી સચિવાલય, ગાંધીનગર (૨ નકલ)
૨/- જાણ સારૂ અને દૈનિક સમાચાર પત્રોમાં પ્રસિધ્ધ કરાવવા સારૂ.

**નકલ રવાના :-**

(૧) સંયુક્ત પોલીસ કમિશનરશ્રી, સેકટર-૧ અને ૨, ટ્રાફીક, મુખ્ય મથક, વિશેષ શાખા, વહીવટ, અમદાવાદ શહેર
(૨) તમામ નાયબ પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેર.
(૩) તમામ મદદનીશ પોલીસ કમિશનરશ્રીઓ અમદાવાદ શહેર.
(૪) જનસંપર્ક અધિકારીશ્રી કંટ્રોલ રૂમ, અમદાવાદ શહેર
૨/- જાણ સારૂ દૈનિક પત્રોમાં દુરદર્શન, આકાશવાણી ઉપર પ્રસિધ્ધ કરવા સારુ.
(૫) તમામ પોલીસ ઇન્સ્પેકટરશ્રીઓ........................................ અમદાવાદ શહેર
૨/- જાણ સારૂ તેમજ પો.સ્ટે. વિસ્તારમાં જાહેરાત માટે અને અમલ થાય તેની તકેદારી રાખવા સારૂ.
(૬) મદદનીશ પોલીસ કમિશનરશ્રી, ટ્રાફીક વહીવટ, અમદાવાદ શહેર (૮ નકલ)